હદીસ બોધ

જેનાથી ઈલ્મ (જ્ઞાન) મેળવો તેની ઈજ્જત કરો. (હદીસ બોધ)

બોધ વચન

વિજેતા કદી ભાગી જતો નથી અને ભાગી જનારો કદી વિજયી બનતો નથી.
- ઓ'કોનેલ

આજની આરસી

૧૧ નવેમ્બર શનિવાર ૨૦૨૩
૨૬ રબીઉલ આખર હિજરી ૧૪૪૫
આસો વદ તેરસ સંવત ૨૦૭૯

સુબ્હ સાદિક	૫-૨૯
ખત્મે ઝવાલ	૧૨-૨૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય)	૬-૫૦
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત)	૫-૫૭

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- **વ્યવસ્થાપક**

સાઉથ આફ્રિકા સામે પરાજય સાથે અફઘાનિસ્તાનના અભિયાનનો અંત

અફઘાનિસ્તાન ૨૪૪, અઝમતુલ્લા ઓમરઝાઈ અણનમ ૯૭, કોએટ્ઝીની ચાર, એનગીડી-મહારાજની બે-બે વિકેટ; સાઉથ આફ્રિકા ૨૪૭/૫, વાન ડર ડુસેન અણનમ ૭૬, ડીકોક ૪૧, ફેલુક્વાયો અણનમ ૩૯



અમદાવાદ, તા. ૧૦

વાન ડર ડુસેન અને ફેલુક્વાયો વચ્ચે છઠ્ઠી વિકેટ માટે થયેલી ૬૩ રનની મહત્વની ભાગીદારીની મદદથી સાઉથ આફ્રિકાએ અફઘાનિસ્તાન સામે ૧૫ બોલ બાકી રહેતાં પાંચ વિકેટે જીત મેળવી છે. આ સાથે જ અફઘાનિસ્તાનનો છેલ્લી મેચમાં પરાજય થતાં તેના અભિયાનનો પણ અંત આવી ગયો છે. ૨૪૫ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં દક્ષિણ આફ્રિકાએ સારી શરૂઆત કરી હતી પરંતુ રાશિદ ખાન, મોહંમદ નબી અને મુજીબ ઉર રહેમાનની સ્પિન ત્રિપુટી સામે સાઉથ આફ્રિકાના પાંચ બેટ્સમેનો પેવેલિયન પરત ફર્યા હતા. મેચમાં અણનમ ૭૬ રન બનાવનારા વાન ડર ડુસેનને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. રાશિદ ખાન અને મોહંમદ નબીએ બે-બે જ્યારે મુજીબે એક વિકેટ લીધી હતી.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી વન-ડે વિશ્વકપ ૨૦૨૩ની ૪૨મી મેચમાં અફઘાનિસ્તાનની ટીમે ટોસ જીતીને બેટીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. અઝમતુલ્લાહ ઉમરઝઈની શાનદાર ઈનિંગની મદદથી ૨૪૪ રન બનાવ્યા હતા. અઝમતુલ્લાહે ૧૦૭ બોલમાં સાત ચોગ્ગા અને ત્રણ સિકસરની મદદથી ૯૭ રન બનાવ્યા હતા. ઉમરઝઈ સિવાય કોઈપણ અફઘાન બેટ્સમેન સારું પ્રદર્શન કરી શક્યો નહીં. દક્ષિણ આફ્રિકા તરફથી જેરાલ્ડ કોએત્ઝી સૌથી સફળ બોલર રહ્યો. જેણે ચાર વિકેટ ઝડપી જ્યારે લુંગી એનગિડી અને કેશવ મહારાજે બે-બે વિકેટ ઝડપી હતી. આ પહેલા આ બન્ને ટીમો વચ્ચે એક મેચ રમાઈ હતી. જેમાં દક્ષિણ આફ્રિકાનો વિજય થયો હતો.

ભારત, દ.આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ

વર્લ્ડકપમાં ૪૧ મેચો બાદ નક્કી થઈ સેમીફાઇનલની ચાર ટીમો

પાકિસ્તાને સેમીફાઇનલમાં પહોંચવા માટે ૨૭૫થી વધુ રનથી જીતવું પડશે અથવા ટાર્ગેટ ૨.૩ ઓવર એટલે કે ૧૫ બોલમાં પ્રાપ્ત કરવું પડશે જે અશક્ય છે

નવી દિલ્હી, તા.૧૦

વર્લ્ડકપ ૨૦૨૩માં ટોપ-૪ ટીમો આખરે નક્કી થઈ ગઈ છે. ગુરૂવારે (૯ નવેમ્બર) રાત્રે શ્રીલંકા સામે ન્યુઝીલેન્ડની જીત સાથે, સેમિફાઈનલની સ્થિતિ લગભગ સ્પષ્ટ થઈ ગઈ હતી. અગાઉ ૪૦ મેચોમાં માત્ર ત્રણ ટીમો અંતિમ ચાર માટે ટિકિટ સુરક્ષિત કરવામાં સફળ રહી હતી. ૪૧મી મેચના પરિણામ બાદ ચોથા સ્થાનનો નિર્ણય ન્યુઝીલેન્ડે કર્યો હતો. હવે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન માટે ટોપ-૪માં આવવું અશક્ય છે. કારણ કે, જો આ બંને ટીમો ચોથા સ્થાને પહોંચવા માંગે છે, તો તેમને તેમની છેલ્લી મેચ અનુક્રમે ૨૮૭ અને ૪૩૮ રનથી જીતવી પડશે, જે અશક્ય છે. એકંદરે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સેમિફાઈનલમાં ખૂબ જ નજીકથી ચૂકી ગઈ છે. વર્લ્ડકપ સેમિફાઈનલ ઉપરાંત ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ક્વોલિફિકેશન માટેની રેસ પણ હતી. આ રેસ એ ટીમો વચ્ચે હતી જે પહેલાથી જ સેમિફાઈનલની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. અત્યારે આ રેસમાં ઈંગ્લેન્ડ અને બાંગ્લાદેશ આગળ હોય તેવું લાગી રહ્યું છે. તમને જણાવી દઈએ કે, પોઈન્ટ ટેબલની ટોચની ૮ ટીમો જ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ક્વોલિફાઈ કરી શકશે. યજમાન ભારત, જેણે પ્રથમ ક્વોલિફાય કર્યું છે, તે ૧૬ પોઈન્ટ સાથે ટોચના સ્થાને છે. આ પછી દક્ષિણ આફ્રિકા ૧૨ પોઈન્ટ સાથે બીજા અને ઓસ્ટ્રેલિયા ૧૨ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. ભારત ઉપરાંત દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાએ પણ ક્વોલિફાય કર્યું છે. આ પછી ચોથા સેમીફાઈનલ માટે પ્રબળ દાવેદાર ન્યુઝીલેન્ડ ૧૦ પોઈન્ટ સાથે ચોથા સ્થાન પર હાજર છે. ત્યારબાદ પાકિસ્તાન ૮ પોઈન્ટ સાથે પાંચમા અને અફઘાનિસ્તાન ૮ પોઈન્ટ સાથે છઠ્ઠા ક્રમે છે. આ પછી બહાર કરાયેલી ટીમો શરૂ થાય છે, જેમાં ઈંગ્લેન્ડ ૪ પોઈન્ટ સાથે સાતમા સ્થાને છે, બાંગ્લાદેશ ૭ પોઈન્ટ સાથે આઠમા સ્થાને છે, શ્રીલંકા ૪ પોઈન્ટ સાથે નવમા સ્થાને છે અને નેધરલેન્ડ ૪ પોઈન્ટ સાથે ૧૦મા સ્થાને છે. નોંધનીય છે કે, ન્યુઝીલેન્ડને જીતવા માટે ૧૭૨ રનનો ટાર્ગેટ હતો. ન્યુઝીલેન્ડે ૨૩.૨ ઓવરમાં પાંચ વિકેટે લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. ન્યુઝીલેન્ડની નેટ રનરેટ +૦.૭૪૩ છે જ્યારે પાકિસ્તાનની +૦.૦૩૬ છે એટલા માટે આંકડા અનુસાર પાકિસ્તાને હવે આગામી મુકાબલો અથવા તો ૨૭૫થી વધુ રનથી જીતવો પડશે અથવા પછી ટાર્ગેટ ૨.૩ ઓવર એટલે કે ૧૫ બોલમાં પ્રાપ્ત કરવું પડશે જે લગભગ અશક્ય છે.

હું ઘણો દુઃખી છું : મુખ્ય પસંદગીકાર

વિશ્વકપમાં શ્રીલંકાના ફ્લોપ શો માટે બહારનું ષડ્યંત્ર જવાબદાર : વિક્રમસિંઘે

શ્રીલંકન ટીમ નવમાંથી ફક્ત બે મેચ જ જીતી શકી, જે તેનું અત્યાર સુધીનું સૌથી ખરાબ પ્રદર્શન છે

કોલંબો, તા.૧૦ : મુખ્ય પસંદગીકાર પ્રમોદયા વિક્રમસિંઘેએ શુક્રવારે આરોપ લગાવ્યો કે, વિશ્વકપમાં શ્રીલંકાના ખરાબ પ્રદર્શન પાછળ બહારનું ષડ્યંત્ર છે. શ્રીલંકન ક્રિકેટ ટીમ શુક્રવારે સવારે ભારતથી પરત ફરી છે. તેને બેંગ્લોરમાં અંતિમ ગ્રુપ મેચમાં ન્યુઝીલેન્ડે પાંચ વિકેટે હરાવ્યું છે. ખરાબ પ્રદર્શનના કારણો વિશે પૂછતા વિક્રમસિંઘેએ કહ્યું કે, મને બે દિવસનો સમય આપો પછી બધું જણાવીશ આ બહારના ષડ્યંત્રનું પરીણામ છે. તેમણે કહ્યું કે, હું ઘણો દુઃખી છું. હું આની જવાબદારી લઉં છું. શ્રીલંકન ટીમ વિશ્વકપમાં નવમાંથી ફક્ત બે મેચ જીતી શકી. જે તેનું અત્યાર સુધીનું સૌથી ખરાબ પ્રદર્શન છે. ભારત સામે તો ટીમ ૫૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ ખેલમંત્રીએ શ્રીલંકન ક્રિકેટ બોર્ડને બરખાસ્ત કરી દીધું હતું પણ અદાલતમાં અપીલ બાદ તેને ફરી કાર્યરત કરાયું હતું. ગઈકાલે સરકાર અને વિપક્ષે સંસદમાં સંયુક્ત પ્રસ્તાવ રજૂ કરી શ્રીલંકન ક્રિકેટ મેનેજમેન્ટના રાજીનામાની માંગ કરી છે.

રોહિત શર્મા ભારતનું નેતૃત્વ કરવા ઉત્સુક ન હતો : ગાંગુલીનો ખુલાસો

રાહુલ દ્રવિડ પણ ભારતીય ટીમના કોચિંગની ભૂમિકા નિભાવવા ઈચ્છુક ન હતા : સૌરવ

નવી દિલ્હી, તા.૧૦

દરેક મહત્ત્વાકાંક્ષી ક્રિકેટરનું એક દિવસ રાષ્ટ્રીય ટીમના કપ્તાન બનવાનું સ્વપ્ન હોય છે. ભારત જેવા ક્રિકેટના દીવાના દેશનો નેતા બનવું કોઈ આસાન કામ નથી. જો કે ભારતનું નેતૃત્વ કરવાનું સન્માન એક એવી વસ્તુ છે જેનો સ્વાદ અનેક ખેલાડી ચાખવા માંગે છે. ભારતના કપ્તાનના રૂપમાં વિરાટ કોહલીનો કાર્યકાળ સમાપ્ત થયા બાદ રોહિત શર્માએ આ ભૂમિકા નિભાવી. જો કે સૌરવ ગાંગુલી જેઓ તે દરમ્યાન બીસીસીઆઈના અધ્યક્ષ હતા. તેમણે હાલમાં એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે મુંબઈનો બેટસમેન કેપ્ટનશીપ કરવા માટે ઉત્સુક ન હતો. કારણ કે તે ઘણું બધું ક્રિકેટ રમી રહ્યો હતો અને તેની થાળીમાં ઘણું બધું હતું. ગાંગુલીએ કહ્યું કે રોહિત કેપ્ટનશીપ ઈચ્છતો ન હતો. કારણ કે તેના પર બધા ફોર્મેટમાં રમવાનું ઘણું દબાણ હતું. આ તે સ્તર સુધી પહોંચી ગયું હતું. જ્યાં મેં તેને કહ્યું કે તમારે હા પાડવી પડશે. અથવા હું તમારા નામની જાહેરાત કરૂં મને ખુશી છે કે તેણે આવું કર્યું. હવે તે આગળ વધીને નેતૃત્વ કરી રહ્યો છે. અને તમે લોકો પરિણામ જોઈ શકો છો. ગાંગુલીએ કહ્યું કે રાહુલ દ્રવિડ પણ ભારતીય સિનિયર ટીમની કોચિંગની ભૂમિકા નિભાવવા ઈચ્છુક ન હતા. કારણ કે તેમને ઘરથી બહાર ઘણો સમય વિતાવવો પડતો. પૂર્વ કપ્તાને કહ્યું કે પ્રવાસમાં ઘણો સમય વીતે છે. તેનો યુવા પરિવાર છે. બે યુવાન છોકરા છે. સાથે જ તેઓ પૂરૂં જીવન રમ્યા છે. એટલા માટે દરેક સમય પ્રવાસ કરવો કોચિંગ કરવું આસાન નથી. પણ તે ભારતીય ટીમ વિશે વિચારતા સહમત થઈ ગયા અને મને આશા છે કે તે ભવિષ્યમાં પણ આવું જ કરતા રહેશે. કારણ કે એક કોચને સમય આપવાની જરૂર હોય છે. આ કોઈ જાદુ નથી કે તે ત્રણ અથવા ચાર મહિનામાં પોતાની ટીમ બદલી નાંખશે.

હાર્દિક પંડ્યા વર્લ્ડકપ બાદ ઓસ્ટ્રેલિયા સામેની સિરીઝ પણ ગુમાવે તેવી શક્યતા

નવી દિલ્હી, તા.૧૦

વન-ડે વર્લ્ડકપ ૨૦૨૩ પછી ભારતીય ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયા સામે પાંચ T-20 આંતરરાષ્ટ્રીય મેચોની શ્રેણી રમશે. આ સિરીઝ ૨૩ નવેમ્બરથી શરૂ થશે. ૨૦૨૩માં T-20 ઈન્ટરનેશનલમાં ભારતની કેપ્ટનશીપ કરનાર હાર્દિક પંડ્યા તેના પગની ઈજાથી સંઘર્ષ કરી રહ્યો છે અને તેના માટે ઓસ્ટ્રેલિયા સામેની સિરીઝમાં રમવું મુશ્કેલ છે. આવી સ્થિતિમાં હાર્દિકની ઈજા T-20ના નંબર વન બેટ્સમેન સૂર્યકુમાર યાદવ અથવા એશિયન ગેમ્સ ૨૦૨૩માં ગોલ્ડ મેડલ જીતનાર ઋતુરાજ ગાયકવાડનું ભાગ્ય બદલી શકે છે. બીસીસીઆઈના એક સૂત્રએ જણાવ્યું હતું કે, હાર્દિક માટે તે વધુ સારૂં રહેશે કે તે સંપૂર્ણ રીતે ફિટ થઈ જાય અને ડિસેમ્બરમાં દક્ષિણ આફ્રિકા સામેની T-20 શ્રેણી દ્વારા વાપસી કરે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે, હાર્દિકની ગેરહાજરીમાં સૂર્યકુમાર યાદવ ઓસ્ટ્રેલિયા સામેની T-20 શ્રેણીમાં ભારતની કેપ્ટનશીપ માટે પ્રથમ પસંદગી હશે. સૂત્રએ જણાવ્યું હતું કે, હાર્દિકને ફિટ જાહેર કરવા અને પસંદગી માટે થોડો સમય છે. તેના માટે વધુ સારૂં રહેશે કે તે સંપૂર્ણ પણે સ્વસ્થ થઈ જાય અને દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણીથી વાપસી કરે. જો કે, આ અંગેનો અંતિમ નિર્ણય NCA સ્પોર્ટ્સ સાયન્સ ટીમનો રહેશે. એવું માનવામાં આવે છે કે, સૂર્યકુમાર T-20 ટીમના કેપ્ટન તરીકે પ્રથમ પસંદગી હશે અને ગાયકવાડ ટીમની કેપ્ટનશીપ માટે બીજી પસંદગી હશે. જો કે, આ દિવસોમાં સૂર્યકુમાર વન-ડે વર્લ્ડકપ ૨૦૨૩માં ભારતીય ટીમનો ભાગ છે. આવી સ્થિતિમાં વર્લ્ડકપ પછી સૂર્યકુમાર પણ તમામ સિનિયર ખેલાડીઓની જેમ આરામ લઈ શકે છે. સૂત્રે જણાવ્યું હતું કે, 'તે એક સ્વીકૃત નિયમ છે કે, ભારતીય વ્હાઈટ બોલ નિષ્ણાત ખેલાડીઓ (ખાસ કરીને બેટ્સમેન) IPL સિવાય બંને ફોર્મેટમાં એક વર્ષમાં ૨૫થી ૩૦ મેચ રમે છે. તેથી જો સૂર્યકુમાર આરામ નહીં લે તો તે કેપ્ટનશીપ માટે પ્રથમ પસંદગી રહેશે. જો તે આરામ કરે તો ઋતુરાજ બીજી પસંદગી છે. ન્યુઝીલેન્ડની ટીમ ફરી એકવાર ODI વર્લ્ડકપની સેમિફાઈનલ મેચમાં ભારત સામે ટકરાશે.

IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ-દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

ક્ર નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	દેણદાર અને સહ-દેણદારના નામ	૧૩ (૨) મુજબની નોટિસની તારીખ	૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ	મિલકતનું સરનામું
1	11315814	હોમ ફાયનાન્સ એલએપી	૧. દર્શનકુમાર વિનયભાઈ સથવારા ૨. કૃપેશકુમાર વિનયકુમાર સથવારા ૩. રંજાબેન વિનયકુમાર સથવારા	૨૬.૦૮.૨૦૨૩	ભા.રૂા. ૫,૬૮,૮૬૪.૫૭/-	મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા ટીકા નં.૩/૧, સોનીવાડાના, જે સિટી સર્વે નં.૮ સ્થિત મહેસાણા સીમ, તા. અને જિ. મહેસાણા, ગુજરાત-૩૮૪૦૦૧, ક્ષેત્રફળ ૬૬.૮૯ ચો.મી. અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : સિટી સર્વે નં.૯૦, પશ્ચિમ : સિટી સર્વે નં.૮૭, ઉત્તર : સિટી સર્વે નં.૮૮, દક્ષિણ : રોડ**

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તા. : ૧૧.૧૧.૨૦૨૩
સ્થળ : ગુજરાત

ભંડેરી ઇન્ફ્રાકોન લિમિટેડ

રજિ.ઓફિસ : બી/૧૨, જબુકા કોમ્પ્લેક્સ, બજરંગ આશ્રમ પાસે, વિકાસ શાળાની નીચે, Nh-૮, ઠક્કરબાપાનગર, અમદાવાદ-૩૮૨૩૫૦ (CIN No. L45201GJ2004PLC044481)

૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ પૂરા થયેલા અડધા વર્ષ/વર્ષના અંતના અનઓડિટેડ સંકલિત નાણાકીય પરિણામોની તારવણી

ભાગ-૧ (રૂા. લાખમાં)

ક્ર નં.	વિગતો	અર્ધ વાર્ષિક અંત			વાર્ષિક અંત
		અનઓડિટેડ	ઓડિટેડ	અનઓડિટેડ	ઓડિટેડ
		30.09.2023	31.03.2023	30.09.2022	31.03.2023
1	ઓપરેશનથી કુલ આવક	140.28	672.74	90.26	763.00
2	સમયગાળા માટે ચોખ્ખો નફો/ (કર પહેલાં પરંતુ અસાધારણ વસ્તુઓ અને/ અથવા અસાધારણ વસ્તુઓ પછી)	76.57	117.23	-31.84	85.39
3	સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન) (કર પહેલાં, અપવાદરૂપ વસ્તુઓ અને/ અથવા અસાધારણ વસ્તુઓ)	76.57	117.23	-31.84	85.39
4	કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન)	76.45	104.36	-34.54	69.82
5	લઘુમતી હિત	20.11	12.16	1.01	13.17
6	પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલ (ફેસ વેલ્યુ રૂા. 10/-)	259.66	259.66	259.66	259.66
7	શેર દીઠ કમાણી (દરેક રૂા. 10/-) (વાર્ષિક નથી) અ) મૂળભૂત બ) પાતળું	2.17 2.17	3.55 3.55	(1.37) (1.37)	2.18 2.18

નોંધો :

1 ઉપરોક્ત અનઓડિટ કરાયેલ પરિણામોની ઓડિટ સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી અને **SEBI** (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ અનુસાર કંપનીના ઓડિટર્સ દ્વારા ૧૦મી નવેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા.

2 ભંડેરી ઈન્ફ્રાકોન લિમિટેડના સ્ટેન્ડઅલોન અનઓડિટેડ નાણાકીય પરિણામોથી સંબંધિત મુખ્ય ડેટા નીચે મુજબ છે :

ક્ર નં.	વિગતો	અર્ધ વાર્ષિક અંત			વાર્ષિક અંત
		અનઓડિટેડ	ઓડિટેડ	અનઓડિટેડ	ઓડિટેડ
		30.09.2023	31.03.2023	30.09.2022	31.03.2023
1	ઓપરેશનથી કુલ આવક	18.02	207.36	71.94	279.30
2	વેરા પહેલાં સામાન્ય પ્રવૃત્તિઓમાંથી નફો	(3.87)	103.76	(35.90)	67.86
3	કર ખર્ચ /(ક્રેડિટ)	0.12	7.87	2.70	10.57
4	કર પછી ચોખ્ખો નફો	(3.99)	95.89	(38.60)	57.29

3. ઉપરોક્ત **SEBI** (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન, ૨૦૧૫ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઈલ કરવામાં આવેલા અર્ધવાર્ષિક પરિણામોના વિગતવાર ફોર્મેટનો અર્ક છે. અર્ધવાર્ષિક નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ આના પર ઉપલબ્ધ છે. સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ્સ એટલે કે **www.bseindia.com.**

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે અને વતી
સહી/-
સુનિલ ધીરૂભાઈ પટેલ
મેનેજિંગ ડિરેક્ટર

અમદાવાદ, ૧૦.૧૧.૨૦૨૩

પ્રચંડ પ્રતિસાદ બદલ ખૂબ ખૂબ આભાર !!
રશિયન, આફ્રિકન અને ઈથોપીયન કલાકારોના કાફલા સાથે અદ્‌ભૂત શો.
ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ ફેમ
ગ્રેટ ગોલ્ડન સર્કસ
Ph.: 88090 00175, 94965 73854
ફૂટબોલ મેદાન, કાંકરિયા.
રોજ 3 શો : 3-6-9

IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩(૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૨૯.૦૪.૨૦૨૩ના** રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧. તુષારસિંહ દાનસિંહ હાડા, ૨.દાનસિંહ પ્રતાપસિંહ હાડા, ૩. પ્રવિણાબા દાનસિંહ હાડાના રૂા.૧૩,૪૧,૬૯૭.૨૯/-(ફક્ત રૂપિયા તેર લાખ એકતાલીસ હજાર છસ્સો સત્તાણું અને ઓગણત્રીસ પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૨૬.૦૪.૨૦૨૩** મુજબ સુધી પુનઃચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદારો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહીકર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **પ્રતિકાત્મક કબજો ૭મી નવે., ૨૦૨૩**નાં રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને દેણદારો તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૧૩,૪૧,૬૯૭.૨૯/-(ફક્ત રૂપિયા તેર લાખ એકતાલીસ હજાર છસ્સો સત્તાણું અને ઓગણત્રીસ પૈસા પૂરા)**ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું એનએ જમીન વિસ્તાર ૫૭.૨૮૫ ચો.મી. એટલે કે ૬૮.૫ ચો.વાર ઉત્તર તરફ પ્લોટ નં.૧૩, 'રાજ ખોડલ' સ્થિત અત્રે 'મારૂતી નગર' વિસ્તાર તરીકે જાણીતું, ગ્રીન પાર્ક પાસે, જેતુપર રોડ, ગોંડલ રેવન્યુ સર્વે નં.૪૧૦/પી સબ જિ. ગોંડલ, રજિ. જિ. રાજકોટ, રાજ્ય ગુજરાત-૩૬૦૩૧૧ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ૭.૫૦ મી. રોડ, પશ્ચિમ : પ્લોટ નં.૧૪, ઉત્તર : પ્લોટ નં.૧૨, દક્ષિણ : પ્લોટ નં.૧૩ (પૈકી)**

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

તારીખ : ૭મી નવેમ્બર ૨૦૨૩
સ્થળ : રાજકોટ
લોન એકા. નં : 49488091

IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩(૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૧૫.૦૧.૨૦૨૦ના** રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧. મોઈદુલઅલી એમ. શેખ, ૨.નજમા એમ.શેખના રૂા.૧૫,૭૧,૯૪૦.૩૩/-(ફક્ત રૂપિયા પંદર લાખ ઈકોત્તેર હજાર નવસો ચાલીસ અને તેત્રીસ પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૦૧.૦૧.૨૦૨૦** મુજબ સુધી પુનઃચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદારો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહીકર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **ભૌતિક કબજો ૫મી નવે., ૨૦૨૩**નાં રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને દેણદારો તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૧૫,૭૧,૯૪૦.૩૩/-(ફક્ત રૂપિયા પંદર લાખ ઈકોત્તેર હજાર નવસો ચાલીસ અને તેત્રીસ પૈસા પૂરા)** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

સમાવિષ્ટ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ એમ.કે. મંઝિલ, હાથીખાના ૬ વોકલા પાસે, રાજકોટ, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૧

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

તારીખ : ૫મી નવેમ્બર ૨૦૨૩
સ્થળ : રાજકોટ
લોન એકા. નં : 7759294, 7901785 & 8115897

IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩(૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૩૦.૦૬.૨૦૨૨ના** રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧. યુનુશ જુમાભાઈ સુમરા, ૨.સુનેરાબેન યુનુશભાઈ સુમરાના રૂા.૮,૮૯,૦૧૪.૯૧/-(ફક્ત રૂપિયા આઠ લાખ નેવ્યાસી હજાર ચૌદ અને એકાણુ પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૨૯.૦૬.૨૦૨૨** મુજબ સુધી પુનઃચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહીકર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **પ્રતિકાત્મક કબજો ૭મી નવે., ૨૦૨૩**નાં રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને દેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૮,૮૯,૦૧૪.૯૧/-(ફક્ત રૂપિયા આઠ લાખ નેવ્યાસી હજાર ચૌદ અને એકાણુ પૈસા પૂરા)**ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ સ્થિત અત્રે ખામધ્રોલ રેવન્યુ સર્વે નં.૧૨/૧ અને ૧૨/૨, પ્લોટ નં.૪૫ પૈકી ઉત્તર બાજું, સબ પ્લોટ નં.૪૫/બી, યમુનાનગર-૨, વિસ્તાર ૫૬.૨૫ ચો.મી. ધરાવતો અને આ મુજબ ખૂંટ : **ઉત્તર : લાગુ સબ પ્લોટ નં.૪૫/એ, દક્ષિણ : લાગુ પ્લોટ નં.૪૬, પૂર્વ, લાગુ પ્લોટ નં.૫૧, પશ્ચિમ : લાગુ ૬:૦૦ મી. પહોળો રોડ**

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

તારીખ : ૭મી નવેમ્બર ૨૦૨૩
સ્થળ : જૂનાગઢ
લોન એકા. નં : 26692127

IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩(૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૧૮.૦૧.૨૦૨૩ના** રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧. ચંદ્રકાંતભાઈ રતિલાલ રચથાથ્થા, ૨.દીપ ચંદ્રકાંતભાઈ રચથાથ્થાના રૂા.૫૦,૦૬,૮૭૨.૧૫/-(ફક્ત રૂપિયા પચાસ લાખ છ હજાર આઠસો બોત્તેર અને પંદર પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૧૭.૦૧.૨૦૨૩** મુજબ સુધી પુનઃચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદારો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહીકર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **ભૌતિક કબજો ૫મી નવે., ૨૦૨૩**નાં રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને દેણદારો તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૫૦,૦૬,૮૭૨.૧૫/-(ફક્ત રૂપિયા પચાસ લાખ છ હજાર આઠસો બોત્તેર અને પંદર પૈસા પૂરા)**ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

મિલકત-૧ : મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ફ્લેટ નં.૭૦૧, ક્ષેત્રફળ ૩૯.૮૦ ચો.મી. (કાર્પેટ એરિયા) અને ૪૬.૮૪ ચો.મી. (બિલ્ટ અપ એરિયા), સાતમા માળે, 'વૃંદાવન' બિલ્ડિંગ તરીકે જાણીતી, બ્લોક નં.સી-૧, ડી-૨ અને ડી-૩ સબ પ્લોટ નં.૧થી ૨/૨ પૈકી પ્લોટ નં.૧ અને ૨ વિસ્તાર નામે 'નંદનવન રેસિડેન્સી-૨' આરએસએન ૫૪-૧ પૈકી, સ્થિત અત્રે ગામ માવડી, માર્વેલ હોસ્પિટલ પાસે, સરદાર ચોક, રાજકોટ, રાજ્ય -ગુજરાતમાં, આ મુજબ ખૂંટ : **પૂર્વ : માર્જિન પછી રોડ, પશ્ચિમઃ પેસેજ, પગથિયા, લિફ્ટ અને ફ્લેટ નં.૭૦૨, ફ્લેટનો પ્રવેશ, ઉત્તર, માર્જિન પછી અન્યની મિલકત, દક્ષિણ : માર્જિન પછી રોડ**

મિલકત-૨ : મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ફ્લેટ નં.૭૦૨, ક્ષેત્રફળ ૩૭.૫૭ ચો.મી. (કાર્પેટ એરિયા) અને ૪૩.૮૭ ચો.મી. (બિલ્ટ અપ એરિયા), સાતમા માળે, 'વૃંદાવન' બિલ્ડિંગ તરીકે જાણીતી, બ્લોક નં.સી-૧, ડી-૨ અને ડી-૩ સબ પ્લોટ નં.૧થી ૨/૨ પૈકી પ્લોટ નં.૧ અને ૨ વિસ્તાર નામે 'નંદનવન રેસિડેન્સી-૨' આરએસએન ૫૪-૧ પૈકી, સ્થિત અત્રે ગામ માવડી, માર્વેલ હોસ્પિટલ પાસે, સરદાર ચોક, રાજકોટ, રાજ્ય -ગુજરાતમાં, આ મુજબ ખૂંટ : **પૂર્વ : પેસેજ, પગથિયા, લિફ્ટ અને ફ્લેટ નં.૭૦૧, ફ્લેટ પ્રવેશ, પશ્ચિમઃ માર્જિન પછી રોડ, ઉત્તર, માર્જિન પછી અન્યની મિલકત, દક્ષિણ : માર્જિન પછી રોડ**

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

તારીખ : ૫મી નવેમ્બર ૨૦૨૩
સ્થળ : રાજકોટ
લોન એકા. નં : 45131856 & 45132662